**ક્રમાંક-૧**

**પત્રક ભાગ-૧**

**કાર્યવાહીની ટૂંકી નોંધ**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**નવમું સત્ર**

**બુધવાર, તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

(સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ્" રાષ્ટ્રીયગીત વગાડી કરવામાં આવી.)

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૯મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, અને ૧૧ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ-૯ અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૨ થી ૧૬૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧-૦૮ કલાકે પૂરો થયો.

**૨. માન.અધ્યક્ષશ્રીની જાહેરાત**

**પોર્ટેબલ મોબાઇલ હોસ્પિટલ પ્રોજેકટ તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમના આયોજનના નિમંત્રણ અંગે**

પ્રાકૃતિક તથા માનવસર્જિત આપદાઓમાં સર્જાતી કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે અદ્યતન પોર્ટેબલ મોબાઇલ ઇમરજન્સી હોસ્પિટલ પ્રોજેકટ BHISHM-R CUBE 300નું પ્રદર્શન વિધાનસભાના પ્રથમ માળે આવેલ પોડિયમ ખાતે આજની બેઠકનું કામકાજ પૂર્ણ થયે રાખવામાં આવેલ હોવાનું તેમજ તે કાર્યક્રમ પૂરો થયા બાદ તરત જ વિધાનસભાની સામે મહાત્મા ગાંધીજીની પ્રતિમાની સામેના ભાગે વિધાનસભાના તમામ ધારાસભ્યશ્રીઓના હસ્તે ''એક પેડ મૉં કે નામ ૩.૦ '' વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરેલ હોવાથી મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, તમામ મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**૩. કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો

**૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૫. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી સ્વ.શ્રી યોગેશભાઇ નારણભાઇ પટેલ, ગુજરાતના પૂર્વ મંત્રી સ્વ.શ્રી મોહનસિંહ છોટુભાઇ રાઠવા, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી લલિતકુમાર ભગવાનદાસ પટેલ તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વ.શ્રી પોપટલાલ વિઠ્ઠલભાઇ પટેલ અને સ્વ.શ્રી સુનિલભાઇ રતનજીભાઇ ગામીત તથા તાજેતરમાં નેપાળ પૂર હોનારતમાં અવસાન પામનાર લોકો તથા ગુજરાતના યાત્રિકોના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય કોંગ્રેસ પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, શ્રી શૈલેષ પરમાર તથા શ્રી કેયુર રોકડીયાએ પણ શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ગૃહમાં પોતાના સ્થાન પર ઊભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૬. બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી સ્વ.યોગેશભાઇ નારણભાઇ પટેલના માનમાં પરંપરા મુજબ સભાગૃહની બેઠકનું બાકીનું કામકાજ મુલતવી રાખવાનો પ્રસ્તાવ રજૂ કરતાં કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે તેને સમર્થન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદ્દઅનુસાર સભાગૃહની બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, ગુરુવાર તા. ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧.૪૯ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
તા.૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા